ઇ-મેલ/ આજે જ/ સમય મર્યાદા

ક્ર:-મકવ/4901/મ.10/ખાતાકિય/૨૦૧૮ - ૬૨-૨૪૩

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,

બ્લોક નં ૯/1 ડૉ જીવરાજ મહેતા ભવન

ગ. રા. ગાંધીનગર

તા.૫ /૧/૨૦૧૮

પ્રતિ,

- નાયબ શિક્ષણ નિયામક ( મ) કમિશ્નરશ્રી ઉચ્ચ કમિશનરની કચેરી, ગાંધીનગર( તાબાની કોલેજોની માહીતી સંકલીત કરી મોકલી આપવા સારૂ
- મદદનીશ કમિશનર મધ્યાહન ભોજન યોજનાની કચેરી ગાંધીનગર
- નાયબ શિક્ષણ નિયામક પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ ,સેકટર-21 ગાંધીનગર
- નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર(તાબાની કચેરીઓની માહીતી સંકલીત કરી મોકલી આપવા સારૂ)
- નિયામકશ્રી ગ્રંથાલય નિયામકની કચેરી, સેકટર- 17 ગાંધીનગર, ( તાબાની કચેરીઓની માહીતી સંકલીત કરી મોકલી આપવા સારૂ
- નાયબ નિયામકશ્રી ગુ. શૈ ટેકનોલોજી ભવન, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રીબ્યુનલ, રાયખડ અમદાવાદ
- મદદનીશ નિયામક સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી ગાંધીનગર
- આચાર્યશ્રી સરકારી કોલેજો તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ ( કચેરીની અને જિલ્લાની શાળાઓની માહીતી સંકલીત કરી મોકલવી)
- પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામ
- આ કચેરીની તમામ શાખાઓ

વિષય:- વર્ગ- ૩ જુનિયર કારકુન /સિનિયર કારકુનની ખાતાકિય પરીક્ષા માટેની માહિતી મોકલી આપવા બાબત

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,આ કચેરી અને સંલગ્ન કચેરીઓમાં જુનિયર કારકુન/ સિનિયર કારકુન સંવર્ગથી ફરજ બજાવતા કર્મચારીઓને ખાતાકિય પરીક્ષાઓ પાસ કરવાની હોય છે. જેવી કે જુનિયર કારકુનમાંથી સિનિયર કારકુનમાં બઢતી માટે અને સિનિયર કારકુનમાંથી મુખ્ય કારકુનમાં બઢતી માટે ખાતાકિય પરીક્ષા નિયત તકોમાં પાસ કરવાની હોય છે. આવી ખાતાકિય પરીક્ષા જે કર્મચારીઓને અગાઉ આપી હોય અને તેઓ પેપર -૧ થી ૪ માં કેટલી તકોથી પાસ કરેલ છે. જેની માહિતી તાત્કાલિક શિક્ષણ વિભાગને રજુ કરવાની હોય આ સાથેના પત્રમાં આપની કચેરીની અને તાબાની કચેરીઓમાં જુ.કા સિ.કા સંવર્ગના કર્મચારીઓ ફરજ બજાવતા હોય તેની માહિતી મોકલી આપવી વધુમાં વર્ષ - ૨૦૧૦ માં શરતી પ્રમોશન આપી સિનિયર કારકુનમાં બઢતી આપેલ કર્મચારીઓ હાલ આપની કચેરીમાં હોય તો તેઓની પણ માહિતી પ્રાયોરીટીના ધોરણે મોકલી આપવી. જુનિયર કારકુન અને સિનિયર કારકુનની માહિતી અલગ અલગ પત્રક માં તૈયાર કરી તા. ૧૨/૧/૨૦૧૮ સુધીમાં આ કચેરીના ઇ-મેલ પર અને ટપાલથી મોકલી આપવા જણાવવામાં આવે છે. ખાતાકિય પરીક્ષા અંગેની માહિતી નહીં મળે તો આ અંગેનો કોઇ પ્રશ્ન ઉભો થશે જેની જવાબદારી આપનીશ્રીની અંગત રહેશે.

**email address :- deputydirector13@gmail.com** પર મોકલી આપવા વિનંતી છે.

૪૫
૫/૧/૧૮

બિડાણ :- પત્રક સામેલ છે.

મદદનીશ નિયામક (મહેકમ ) i/c

ગ. રા. ગાંધીનગર

ક્રમાંક/પ્રાશિ/રાજ/જાવક/૨૦૧૮/ ૪૩૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
પાલનપુર જિ. બ.કાં.
તા. ૫/૧/૨૦૧૮

ર/- સદર માહિતી દિન-૩ માં મોકલી આપવા જણાવવામાં આવે છે

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર

પ્રતિ, આચાર્યશ્રી,
સરકારી મા. અને ઉ.મા શાળાઓ
તમામ, જિ. બ.કાંઠા

## વર્ગ- ૩ કારકુન સંવર્ગ ની ખાતાકિય પરીક્ષાની વિગતો

પત્રક-1

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | પેપર -૧ વિષય | પેપર -૨ વિષય | પેપર -૩ વિષય | પેપર -૪ વિષય | પાસ/ નાપાસ આધાર સાથે | પરીક્ષા આપેલ તે પૈકી મુક્તિ મળવાપાત્ર છે ? તેવા વિષયની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |

પુરતી ચકાસણી કરી માહિતી મોકલી આપેલ છે.

સહી/
સિકકો